"Maa Tenament" ના મકાન નં...... નો
વેચાણ દસ્તાવેજ
રૂ. /- અંકે રૂપિયા પુરાનો

આજ રોજ સંવત ૨૦૭૮ ના .... તા. / /૨૦૨૨ ને ......વાર ના રોજ આ વેચાણ દસ્તાવેજ

વેચાણ આપનાર /જમીન માલિક/ પહેલા પક્ષવાળા :-

"બ્રિંજા એસોશાયેટસ" (પાનકાર્ડ નં. AAUFB2694E) એ નામની ભાગીદારી પેઢી જેની ઓફિસ-નેશનલ હાઇવે નં. ૮, ધનીયાવી-તરસાલી ઓવર બ્રીજ, પ્રીત ટેનામેન્ટની નજીક, ૧૮.૦૦ મીટર ચિખોદ્રા જંકશન, ચિખોદ્રા, વડોદરા મુકામે આવેલ છે તેના **વહીવટકર્તા ભાગીદારો (૧) પટેલ ઉમેશભાઇ ત્રિભોવનદાસ,** ઉ.વ.પુખ્ત, ધંધો-વેપાર, આધાર કાર્ડ નં. 7569 3117 4147, રહે-૪૦૧, તુલસી રેસીડેન્સી, આશ્રય ફ્લેટ સામે, માંજલપુર, વડોદરા **(૨) ધવલ હરેશકુમાર શાહ,** ઉ.વ.પુખ્ત, ધંધો-વેપાર, આધાર કાર્ડ નં. 2359 8260 6688, રહે-૫૧, સંગમ સોસાયટી, સંગમ ક્રોસ રોડ, હરણી રોડ, વડોદરાના (જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં વેચાણ **આપનાર/લખી આપનાર/જમીન માલિક/ પહેલા પક્ષવાળા** એ રીતે સંબોધેલા છે, જેમના અર્થમાં તેમના વંશ,વાલી,વારસો,ભાગીદારો, એસાઇનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થયેલો છે તેમ ગણાશે)

વેચાણ લેનાર/બીજા પક્ષવાળા

.........................ઉ.વ.પુખ્ત, ધંધો-......, રહે-............. .... (જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં **લખી લેનાર**

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

બીજા પક્ષવાળા એ રીતે સંબોધેલા છે, જેમના અર્થમાં તેમના વંશ,વાલી,વારસો, એસાઈનીઓ, એક્ઝીક્યુટરો, એડમીનીસ્ટ્રેટરો વિગેરે તમામનો સમાવેશ થયેલો છે તેમ ગણાશે)

જત આ વેચાણ દસ્તાવેજ અમો લખી આપનાર લખી લેનારને રાજીખુશીથી કરી આપીએ છીએ.

૧) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબરજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, મોજે.ચિખોદ્રા, તા.જી.વડોદરાની સીમના રે.સ.નં./બ્લોક નં.૪૧૧, ખાતા નં.૪૬૧, જુનો રે.સ.નં.૫૦૪ જેનુ ક્ષેત્રફળ ૩૫૪૧ ચો.મી. તથા રે.સ.નં./બ્લોક નં.૪૧૨, ખાતા ન.૪૬૨, જુનો રે.સ.નં.૪૯૭-૧ જેનુ ક્ષેત્રફળ ૫૧૬૦ ચો.મી. મળી કુલ ૮૭૦૧ ચો.મી. વાળી બિનખેતીની જમીન આવેલ છે.હાલ સ્થળ પર મળવાપાત્ર માપ મુજબની બિનખેતીની ખુલ્લી જમીન' તથા તે કુલ માપ મુજબની જમીનને મળવાપાત્ર તમામ હકકો સાથેની જમીન તથા તેમાં સરકારી રોડ પરથી જવા-આવવાના રોડ-રસ્તાનો વાપર, ઉપયોગ, ઉપભોગ કરવા-કરાવવાના મળેલા અને મળવાપાત્ર તમામ પ્રકારના પંત્યાળા હકકો સાથેની બિનખેતીની જમીન આવેલ છે.

૨) સદર બ્લોક નં.૪૧૧ વાળી જમીન અમો પહેલા પક્ષવાળાએ જયસ્વાલ પ્રકાશભાઇ ચીમનભાઇ પાસેથી તા.૧૦/૫/૨૦૧૯ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૩૪૧ થી વેચાણ રાખેલ છે. જ વેચાણ દસ્તાવેજ આધારે અમો પહેલા પક્ષવાળાનું નામ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં.૨૫૩૦ થી તા.૯/૬/૨૦૧૯ નારોજ દાખલ થયેલ છે.જે નોંધ તા.૩/૯/૨૦૧૯ નારોજ પ્રમાણિત થયેલ છે તથા સદર બ્લોક નં.૪૧૨ વાળી જમીન અમો પહેલા પક્ષવાળાએ જયસ્વાલ ગણેશભાઇ ચીમનભાઇ પાસેથી તા.૨૦/૫/૨૦૧૯ ના રોજ રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૨૫૦૫ થી વેચાણ રાખેલ છે. જે વેચાણ દસ્તાવેજ આધારે અમો પહેલા પક્ષવાળાનું નામ ગામ દફતરે રેવન્યુ રેકર્ડમાં ફેરફાર નોંધ નં.૨૫૩૮ થી તા.૨૫/૬/૨૦૧૯ નારોજ દાખલ થયેલ છે.જે નોંધ

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

તા.૧૭/૯/૨૦૧૯ નારોજ પ્રમાણિત થયેલ છે. ત્યારથી અમો પહેલા પક્ષવાળા સદર જમીનના માલિક કબજેદાર ભોગવટેદાર થયેલા છે.

૩) અમોએ સદર જમીનમાં **"Maa Tenament"** નામની યોજનાનું આયોજન કરેલ છે. જે પૈકી **મકાન /પ્લોટ નં...... જેનું પ્લોટનું માપ .... તથા વરાડે પડતી વણવહેંચાયેલી કોમન પ્લોટની જમીન .... ચો.મી. તથા વરાડે પડતી વણવહેંચાયેલી રાડ રસ્તાની જમીન .... ચો.મી. મળી પ્લોટનું કુલ માપ...... ચો.મી. જેમાં બાંધકામનું માપ........... ચો.મી. વાળી મિલકત** તમોને આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ છે.(જેને હવે આ વેચાણ દસ્તાવેજમાં "સદર મિલકત" કે "સદર વેચાણ દસ્તાવેજવાળી મિલકત" એ રીતે સંબોધન કરેલ છે.)

૪) સદર યાજના ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી હેઠળ ક્રમાંક .... થી નોંધાયેલ છે.

૫) સદરહુ બ્લોક નં.૪૧૧ વાળી જમીનને બિનખેતીમાં ફેરવવા કલેક્ટરશ્રી વડોદરાનાને અરજ કરતા તેઓએ હુકમ નં.સીબી/એન.એ/ વડોદરા/ ચિખોદ્રા /૪૧૧/ ૯૯૬૭૧૭/ ૨૦૧૯ થી તા.૧૬/૩/૨૦૧૯ થી બિનખેતીમાં ફેરવવાનો હુકમ કરી મંજુરી આપેલી.જેની ગામ દફતરે ફેરફાર નોંધ નં.૨૫૨૪ તા.૩૧/૫/૨૦૧૯ નારોજ પડેલ છે. જે નોંધ તા.૧/૭/૨૦૧૯ નારોજ પ્રમાણિત થયેલ છે.

૬) સદરહુ બ્લોક નં.૪૧૨ વાળી જમીનને બિનખેતીમાં ફેરવવા કલેક્ટરશ્રી વડોદરાનાને અરજ કરતા તેઓએ હુકમ નં.સીબી/એન.એ/ વડોદરા/ ચિખોદ્રા /૪૧૨/ ૯૯૬૭૧૪/ ૨૦૧૯ થી તા.૧૪/૨/૨૦૧૯ થી બિનખેતીમાં ફેરવવાનો હુકમ કરી મંજુરી આપેલી.જેની ગામ દફતરે ફેરફાર નોંધ નં.૨૪૯૪ તા.૧૨/૪/૨૦૧૯ નારોજ પડેલ છે. જે નોંધ તા.૧૮/૫/૨૦૧૯ નારોજ પ્રમાણિત થયેલ છે.

૭) સદરહું જમીનમાં બાધકામ માટે વિકાસ કરવા વડાદરા શહેરી વિકાસ સત્તામંડળને અરજી કરતા વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ બાંધકામની

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

વિકાસ પરવાનગી નં......./ ..../ ..../...../........ તા........... થી આપેલી છે. જે મુજબ સદર જમીનમાં **"Maa Tenament"** એ નામની યોજનાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં કુલ ૪૦ ટેનામેન્ટ બાંધવાનું આયોજન કરેલ છે. તે લે-આઉટ પ્લાનમાં દર્શાવ્યા મુજબ સદર વેચાણ દસ્તાવેજથી વેચાણ લેનારને વેચાણ આપેલ મિલકતને ફાળવવામાં આવેલ કોમન રોડ, કોમન પ્લોટ તથા વગાળે પડતી જગ્યાનો સહીયારો હકક તેમજ ઉપયોગ કરવાનો રહેશે.

૮) અમો લખી આપનાર "બ્રિંજા એસોશીયેટસ" એ નામની ભાગીદારી પેઢી તા. ૨૯/૧૧/૨૦૧૮ નારોજ બનાવેલ છે.

૯) સદર મિલકત અંગે તમો લખી લેનારે અમો લખી આપનારનો સંપર્ક કરી ખરીદવાની ઇચ્છા દર્શાવી હતી અને તે મુજબ તમો લખી લેનાર અને અમો લખી આપનાર અને વચ્ચે તા........... નારોજ બાનાખત થયેલ છે અને જે બાનાખત સબ રજીસ્ટ્રાર કચેરી, વડોદરામાં અનુ.નં......... થી નોંધાયેલ છે અને તે મુજબ સદર મિલકત આજરોજ આ વેચાણ દસ્તાવેજથી લખી આપનારની માલિકી કબજા ભોગવટાની નીચે પરિશિષ્ટમાં જણાવેલ સ્થાવર મિલકત તમો લખી લેનારને રૂ............./- (અંકે રૂપિયા .... પુરામાં) માં આજરોજ વેચાણ આપેલી છે અને સદરહું વેચાણના અવેજની રકમ **રૂ................/-(અંકે રૂપિયા .... પુરા)** અમો વેચાણ આપનાર પહેલા પક્ષવાળાને તમો વેચાણ લેનાર બીજા પક્ષવાળા તરફથી નીચેની વિગતે ચુકતે મળેલ છે.

રકમ રૂ.	તારીખ	ચેક નંબર	બેંક
	કુલ		

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

આમ,ઉપર જણાવ્યા મુજબની વિગતથી અમો વેચાણ આપનારને તમો વેચાણ રાખનાર પાસેથી ઉપરોક્ત મિલકતના વેચાણ અવેજની નક્કી કરેલ રકમ મળી ગયેલ છે અને બાનાખત મુજબની તમામ શરતોનું પાલન કરેલ છે. જેથી આજરોજ આ વેચાણ દસ્તાવેજ કરી આપી ઉપરોક્ત પરિશિષ્ટમાં જણાવેલ મિલકત વેચાણ આપેલ છે તથા પ્રવર્તમાન સરકારી ટેક્ષના કાયદાનુસાર ભરવાપાત્ર જે કાંઇ ટેક્ષ આવે તે તમો સદર વેચાણ દસ્તાવેજ લખી લેનારે અલગથી ચુકવવાનો છે.સદર પરિશિષ્ટમાં વર્ણવેલી મિલકતના કુલ વેચાણના તથા વધારાના કામ કરવા પેટે બેન્કના ચેકો તમો લખી લેનાર લખી આપનારને આપેલ છે જે પાસ કરાવવાની જવાબદારી તમો લખી લેનારની છે પરંતુ તમો લખી લેનારે આપેલા ચેકો પૈકી કોઇપણ ચેક બેન્કમાંથી પાછો ફરે તેવા સમયે ચેક પરતના આધારે, કરેલ વેચાણ દસ્તાવેજ રદબાતલ ગણાશે.

૧૦) સદરહું યોજનાનું નામ **"Maa Tenament"** રાખેલ છે તે કાયમ રાખવાનું છે.

૧૧) આ વેચાણ દસ્તાવેજમાં નીચે પરિશિષ્ટમાં જણાવ્યા પ્રમાણેની મિલકત અમો વેચાણ આપનારની સ્વતંત્ર માલકી કબજા ભોગવટાની છે જેના ઉપર ફકત અમો વેચાણ આપનાર સિવાય બીજા કોઇનો હકક હીત સંબંધ રહેલો નથી કે તેની ઉપર કોઇનો ભરણ પોષણનો કે ઇતર કોઇ હકક રહેલો નથી કે તે કોઇ જપ્તી કે વિક્રીને પાત્ર નથી કે તે કોઇને ગીરો બક્ષીશ કે વેચાણ કે વેચાણના બાનાખતમાં કે ઇતર કોઇ બીજા કરારથી લખી આપેલી નથી તથા સદર મિલકત ઉપર સરકારી, અર્ધ સરકારી કે સ્થાનીક કચેરી કે અન્ય કોઈ સંસ્થા કે પેઢીનો બોજો નથી સદર મિલ્કત અંગે સીવીલ કોર્ટ કે ફોજદારી કે બોર્ડ ઓફ નોમિની કોર્ટમાં તથા રેવન્યુ કોર્ટમાં કોઇ કેસો ચાલુ નથી કે તેવા કોઇ કેસો થયેલા નથી તેમજ સદર મિલ્કત સરકારી, અર્ધ સરકારી કે સ્થાનીક કચેરીઓ કે કોઇ વ્યકતીઓ ધ્વારા સંપાદન કરવામાં આવેલ નથી કે તેવી કચેરીઓનુ કે સોસાયટીનું સદર મિલકત અંગે કોઇ લેણું બાકી પડતું નથી આમ સદર મિલકત સંપુર્ણ ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી છે તેવો તમોને પાકો ભરોસો આપેલો છે. તેમ છતાં જો કોઇ વ્યકતી હરકત કરતુ

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

આવશે તો તે અંગેની સઘળી જવાબદારી અમો વેચાણ આપનારની રહેશે અને તે અમો અમારા ખર્ચે અને જોખમે વેચાણ લેનારને દુર કરાવી આપીશુ .

૧૨) સદર જમીન કે પ્રોજેક્ટ ઉપર કોઇપણ પ્રકારનો બોજો નથી પરંતુ અમો લખી આપનારે બ્રિંજા એસોશીયેટસ દ્વારા .... પાસેથી **"Maa Tenament"** નામની યોજનાના બાંધકામ હેતુ લોન લીધેલ હોય સદર યોજનામાં આવેલ પ્લોટ/મકાન વેચાણ લેનારે વેચાણનું બાનાખત/ વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરતા પહેલા .... નું NOC લેવાનું રહેશે તેમજ સદર યોજનામાં વેચાણ લેનાર તમામ ગ્રાહકના આવેલ અવેજના નાણાં .... ના એકાઉન્ટ નં............. માં જમા કરાવવાના રહેશે.

૧૩) લખી લેનારે સદર બિલ્ડીંગના બાકીના સભ્યો સાથે મળીને રજીસ્ટર્ડ સોસાયટી, એસોસીએશન તથા લીમીટેડ કંપની વિગેરેનું નિર્માણ કરવાનું રહેશે અને તેના માટે જરૂરી સહિઓ, એપ્લીકેશનો વિગેરે લખી લેનાર કરવા માટે બંધાયેલા છે, તથા સદર રજીસ્ટર્ડ સોસાયટી, એસોસીએશન તથા લીમીટેડ કંપની વિગેરેનું નિર્માણ કરી તેના બાય લોઝ, નિયમો વિગેરે નક્કી કરવાનું રહેશે અને તે બાયલોઝ, નિયમોનું પાલન કરવાનું રહેશે અને તેની અરજી લખી આપનારે લખી લેનારને આપવાની રહેશે અને તે સહી કરીને લખી લેનારે પરત લખી આપનારને તથા સંમતિ આપનારને આપવાની રહેશે.

૧૪) સદર "માં ટેનામેન્ટ" નામની યોજના અંગેનું ઓક્યુપેશન સર્ટીફીકેટ (Building Usage Permission) લખી આપનારને વડોદરા મહાનગર પાલિકામાંથી પ્રાપ્ત થયા બાદ તેમજ સદર યોજનાના તમામ સભાસદોના નામના વેચાણ દસ્તાવેજ થયા બાદ સદર "માં ટેનામેન્ટ" એ નામે ઓળખાતી યોજના અંગેની બાકી રહેતી FSI ઉપર લખી આપનારનો કોઇપ્રણ પ્રકારનો લાગભાગ, હકક,હિત કે હિસ્સો રહેશે નહિ અને તેની માલિકી ફક્ત "માં ટેનામેન્ટ" નામે ઓળખાતી યોજના અંગે રચાયેલ મંડળ/એસોસીએશનની રહેશે.

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

૧૫) લખી લેનાર દ્વારા કબજો સ્વીકાર્યાના પાંચ વર્ષની અંદર, લખી લેનારને સદર મિલકતમાં જો કોઇ સ્ટ્રકચરલ ડીફેકટ, તથા અન્ય કોઇ કારીગર, વર્કમેનશીપ, ગુણવત્તાની ડીફેકટ ધ્યાને આવે તો, લખી આપનારે તેઓના ખર્ચે સદર ડીફેકટ સુધારી આપવાની રહેશે અને જો તે ડીફેકટ સુધરે તેમ ન હોય તો લખી આપનાર પાસેથી કોમ્પનસેશન મેળવવા હકકદાર છે.લખી આપનાર તેવી કોઇ ખામા માટે જવાબદાર રહેશે નહિ જે ખામી લખી આપનાર કે વર્કમેનની કંન્ટ્રોલ બહારની હોય.

૧૬) નીચે પરિશિષ્ટમાં જણાવેલ વિગત અને વર્ણનવાળી મિલકત તથા તેને લાગતા વળગતા તમામ પ્રકારના હકકો સાથેની તથા તેમાં જવા આવવાના રસ્તાના તથા પાણીના નિકાલના સર્વે પ્રકારના હકકો સાથેની તથા તે મિલકત ઉપર લખેલા રૂપિયા તમારી પાસેથી લઇને તમોને યાવતચંદ્ર દિવાકરો કુલ અભરામના દાવે અઘાટ વેચાણ આપીએ છીએ. તેથી સદરહું મિલકતના આજથી તમો તથા તમારા વંશ, વાલી, વારસો, સર્વે સ્વતંત્ર માલિક થયા છો. અને તેનો માલિકી હકકે, વાપર, ઉપયોગ કરવા તમો તથા તમારા વંશ, વાલી, વારસો સર્વે સ્વતત્ર માલિક થયા છો.

૧૭) આ વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ મિલકતને લાગતા વળગતા તમામ સરકારી કે અર્ધ સરકારી કર, વેરા, મહેસુલ વિગેરે ભરપાઇ કરવાની જવાબદારી હવે પછી લખી લેનારની રહેશે.

૧૮) સદરહું યોજનાના બાંધકામ ડીટેલ્સ સ્પેશીફીકેશનવાળા વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને આપેલ બાંધકામની પરવાનગી, આરંભ પ્રમાણપત્ર, બિલ્ડીંગ પ્લાન વિગેરે. કાગળોનું તમોએ ઇન્સ્પેકશન કરેલ છે, અને જોયા છે તેમજ તે મુજબનું સદર મિલકતની સીચ્યુએશન લંબાઇ, પહોળાઇ, માપ સાઇઝ, દીશા, બાંધકામમાં વાપરવામાં આવેલ મટીરીયલ્સ, ફીકચર, સ્ટ્રકચર, ડીઝાઇન અંગે કોઇ વાંધો તકરાર નથી કે ભવિષ્યમાં લવાનો નથી વિગેરે...નું તમો વેચાણ રાખનારે જાતે પ્રત્યક્ષ ઇન્સ્પેકશન કરી જોઇ તપાસી ચોકકસાઇ કરીને તેનો કબજો ભોગવટો સંભાળેલ છે. તેથી સદર મિલકતની માપ, સાઇઝ ડીઝાઇન, હદદુહદ એરિયા તથા બાંધકામ અંગે તમારે કશો વાંધો તકરાર રહેતો નથી તેવુ તમો ખરીદનારે કબુલ કરેલ છે.સદરહુ મિલકત ટાઇટલ કલીયરન્સ અને

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

માર્કેટેબલ છે અને જે તમોએ જોઇ તપાસીને ખરાઇ કરી અને કરાવી કબુલ કરેલ છે અને કલીયર માર્કેટબલ હોવા અંગેની ખાત્રી કરેલ છે. જે હકીકત સદરહું મિલકતના કલીયર અને માર્કેટબલ ટાઇટલ અંગે તમો લખી લેનારને વાંધો તકરાર નથી તેમજ તમામ ઉતરોઉતરના દસ્તાવેજોની નકલો જેવી કે, પહેલા પક્ષવાળાના દસ્તાવેજની નકલ, બાંધકામ રજાચિઠ્ઠી, રેવન્યુ રેકર્ડની નકલ વિગેરે તમો ખરીદનારને સોંપી દીધલ છે. ભવિષ્યમાં જરુર પડયે ખરી નકલો (સર્ટીફાઇડ નકલો) તમારે તમારા ખર્ચે કઢાવવાની રહેશે.

૧૯) સદર **"Maa Tenament"** નામની યોજનામાં આવેલ યુનિટ જે હેતુથી તમો વેચાણ લેનારને વેચવામાં આવેલ હોય તે હેતુમાં વેચાણ લેનાર દ્વારા બદલાવ કરવામાં આવેલ હોય તેના કારણે સ્થાનિક કર, પાણી ચાર્જ, વીમા તેમજ અન્ય લેણાં જે કોઇ હોય, તેની રકમમાં સંબંધિત સ્થાનિક સત્તામંડળ અને અથવા સરકાર અથવા અન્ય જાહેર સત્તા દ્વારા વધારો લાદવામાં આવેલ હોય તે તમો વેચાણ લેનારે ભોગવવાનો રહેશે.

૨૦) સદર **"Maa Tenament"** ના મેન્ટેનન્સ, પાર્કીંગના મેન્ટેનન્સ, કોમન લાઇટ ખર્ચ, સાફસફાઇ વિગેરે ભેગા મળીને કરવાનો રહેશે. જે બિલ્ડીંગના સભ્યો નક્કી કરે તે પ્રમાણે દર મહિને પેમેન્ટ કરવાનું રહેશે.

૨૧) સદર યોજનામાં કોમન લાઇટ મીટર, પાણીની ટાંકી, બોરીંગ, પાણીના કનેકશન, ફાયર સેફટીની વ્યવસ્થા આપેલ છે.તેની વ્યવસ્થાનો રીન્યુઅલ ખર્ચ, મેન્ટેનન્સ ખર્ચ સદર બિલ્ડીંગના રહીશોએ ભેગા મળીને આપેલ મેન્ટેનન્સ ડીપોઝીટના વ્યાજમાંથી કરવાનો રહેશે. જો તેના કરતા ખર્ચ વધુ હોય તો દરેક સભ્યોએ ભેગા મળીને સરખા ભાગે કાઢીને કરવાનો રહેશે.

૨૨) સદરહું **"Maa Tenament"** માં કોમન પેસેજ, ઓ.ટી.એસ. તથા અન્ય કોમન સુવિધાઓનો ઉપયોગ જે તે હેતુ માટે સુવિધાઓ બનાવેલી છે તે જ હેતુ માટે કરવાનો છે કોમન પેસેજની તેમજ ઓ.ટી.એસ. ની જગ્યામાં તમો પહેલા પક્ષવાળાએ કોઇપણ પ્રકારનો સામાન મુકવાનો નથી કે તેને કાચુ કે પાકુ બાંધકામ કરીને તમો પહેલા પક્ષવાળાએ આંતરી શકશો નહિ, તેમજ સદર મિલકતની આજુબાજુમાં ગંદકી થાય કે કોઇને

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

અડચણ થાય તેવુ કૃત્ય કરવાનું નથી તથા તમોને વેચાણ આપેલ મિલકતમાં કાયદા વિરુધ્ધનું કોઇ કૃત્ય કરવાનું નથી કે તેવો કોઇ સામાન રાખવાનો નથી કે તેવો કોઇ ધંધો કરવાનો નથી કે સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થ કોઇપણ પ્રકારની જોખમી અથવા ખતરનાક વસ્તુઓ રાખવાના નથી અને તેમછતાં જો વેચાણ લેનાર તેમ કરે તો પોતે સ્થાનિક સત્તાધિકારી કે અન્ય જાહેર સત્તા પ્રત્યે જવાબદાર રહેશે તેમજ તે મિલકતના બાંધકામ કે માળખાને નુકસાન પહોંચાડી શકે તેમ હોય અથવા એવી વસ્તુઓ કે જે સ્થાનિક સત્તાધિકારી દ્વારા પ્રતિબંધિત હોય તેનો સંગ્રહ કરવો નહિ અને ભારે ભરખમ વસ્તુઓ જેનાથી યોજનાના મુખ્ય પ્રવેશને કોઇપ્રકારનું નુકસાન પહોંચે અથવા નુકસાન થવા સંભવ હોય, તેની હેરફેર વખતે પુરતી કાળજી રાખવી અને જો બીજા પક્ષવાળા દ્વારા અપૂરતી કાળજી કે બેદરકારીને કારણે આવુ કોઇ નુકસાન ઉદભવે તો આવા ઉલ્લઘંનને કારણે ઉભા થનારા સંજોગો માટે બીજા પક્ષવાળા ખરીદનાર જાતે જવાબદાર રહેશે તેમજ બીજા પક્ષવાળાએ વેચાણ રાખેલ યુનિટમાં તેઓ ગમે તે પાલતુ પ્રાણી રાખે તો તે પ્રાણી આજુબાજુના યુનિટવાળાને કોઇપણ રીતે હેરાન પરેસાન ન કરે તેની જવાબદારી તેઓની પોતાની રહેશે તેના માટે અમો પહેલા પક્ષવાળાઓ સાથે કોઇપણ પ્રકારની તકરાર કરવી નહિ.

૨૩) સદર **"Maa Tenament"** નામની યોજના કે તેના કોઇપણ ભાગની તોડફોડ કરવી કે કરાવવી નહિ તેમજ યોજનાના અન્ય ભાગો તથા ગટર, ડ્રેનેજ અને પાઇપો તેમજ તેના સહયોગી ભાગોને સારી સ્થિતિમાં જાળવી રાખવાના રહેશે.

૨૪) સદર મિલકતમાં દરેક મટારીયલ્સ ચેક કરીને તથા પોતાની મિલકત ચેક કરીને પઝેશન મેળવવાનું રહેશે. તેમાં તમો આ મિલકતમાં પઝેશન પછી તમામ મેન્ટેનન્સની જવાબદારી તમો વેચાણ લેનાર બીજા પક્ષવાળાની રહેશે તથા તે બાબતે કોઇ કાયદાકીય તકરાર ઉભી કરવાની રહેશે નહિ.

૨૫) સદર વેચાણ દસ્તાવેજવાળી મિલકત અમો લખી લેનાર બીજા પક્ષવાળાએ સંપુર્ણ તપાસી ચકાસી તેનુ ફલોરીંગ, બારી-બારણાં, પ્લમ્બીંગ વિગેરેની સંપુર્ણ ચકાસણી કરી દસ્તાવેજવાળી મિલકતમાં જે સરસામાનનો ઉપયોગ

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

કરેલો છે તે સારી ગુણવત્તા અને આઇ.એસ.આઇ. માર્કાવાળા છે. ડ્રેનેજ સીસ્ટમ, લાઇટ સીસ્ટમની સંપૂર્ણ ચકાસણી કરેલ છે. આમ, અમો વચાણ લેનાર સદર દસ્તાવેજવાળી મિલકતની યોગ્ય ચકાસણી કરી આજરોજ તેનો કબજો મેળવેલ છે. હવે પછીથી સદર મિલકત બાબતે કોઇપણ તકરાર કે કોઇ કાયદાકીય ગુંચ અમો વેચાણ આપનાર સાથે કરીશું નહિ.

૨૬) સદરહુ **"Maa Tenament"** એ નામની યોજનામાં આવેલા યુનિટોના માલીકો ભવિષ્યમાં કોઈ મંડળ કે એસોસીએશન બનાવે તો તેના તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળા એ ફરજીયાત પણે સભાસદ બનવાનુ છે, મંડળ કે એસોસીએશન ને જે કોઈ ફાળે પડતી રકમ આપવાની આવે તો તે તમો વેચાણ લેનાર પહેલા પક્ષવાળાએ આપવાની છે.

૨૭) સદર મિલકતમાં કોમન વપરાશ કે કોમન ખર્ચ કે કોમન અન્ય કોઇપણ જાતના તકરાર ઉભી થાય તો તેમાં યોજનાના સભ્યો, પ્રમુખે ભેગા મળીને નિર્ણય લેવાનો રહેશે અને તે નિર્ણયમાં દરેક મેમ્બર્સની સંમતિ રહેશે તેમજ તે અંગેની રજુઆત કરવાની રહેશે નહિ કે કોઇ તકરાર પહેલા પક્ષવાળા જોડે કરવી નહિ.

૨૮) સદર મિલકતમાં તમો ફક્ત વેચાણ રાખેલ છે તે મિલકતના એરિયા પુરતી માલિકીની છે બાકીના એરિયા માટે કોઇપણ જાતની તકરાર ઉભી કરવાની રહેશે નહિ. સદર મિલકતમાં ગમે તે સમયે ડેવલોપર્સ કોઇપણ જાતનો ફેરફાર કરવા માંગે તો તે કરી શકશે. તેમાં કોઇપણ જાતની તકરાર કરવાની રહેશે નહિ.

૨૯) મિલકતની તમામ અવેજ પૂર્ણ કર્યા બાદ તથા મિલકતનું કામ પૂર્ણ થયા બાદ મિલકતનું પઝેશન મળશે તેમાં કોઇપણ જાતની તકરાર ઉભી કરવાની રહેશે નહિ. તેમછતાં તમોને જો વહેલુ પઝેશન લેવા માંગતા હોય તો અમો પઝેશન આપીએ તો બાકીના કામની કોમન વપરાશના કામની ઉતાવળ કરવાની રહેશે નહિ.

૩૦) સદરહું યોજનાના જમીન અને પ્લાનના ટાઇટલને સંબંધિત તમામ દસ્તાવેજ,ડિઝાઇન અને સ્પેશીફિકેશન, જે તેમના આર્કિટેકશ્રી એડવાન્સ

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

એન્જીનીયર્સ, અને સ્ટ્રકચર કે.એમ.ઠક્કર દ્વારા તૈયાર કરવામાં આવેલ છે, તે તમો બીજા પક્ષવાળાને ચકાસણી હેતુ બતાવેલ છે તેમજ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એક્ટ, ૨૦૧૬ માં દર્શાવવામાં આવેલ હોય તથા તેની નિયમો અને શરતો ધરાવતા હોય તેવા અન્ય દસ્તાવેજો જોવા માટે આપેલ છે તથા વકીલશ્રી દ્વારા ઇશ્યુ કરવામાં આવેલ ટાઇટલની પ્રમાણિત નકલ, પ્રોપર્ટી કાર્ડ અથવા ગામ નમૂના નં. ૬ અને ૭/૧૨ ના ઉતારા, લેઆઉટ પ્લાનની નકલ, આ વેચાણ દસ્તાવેજ દ્વારા વેચાણ લીધેલ યુનિટના લેઆઉટ પ્લાન અને સ્પેસિફીકેશનની પ્રમાણિત નકલો તથા સદર યોજના જેના પર બાંધવામાં આવેલ છે તેને દર્શાવતી રેવન્યુ રેકર્ડની માહિતી તમો બીજા પક્ષવાળાએ તે ચકાસી સંતોષ વ્યકત કરેલ છે.

૩૧) જો સદર વેચાણ દસ્તાવેજની કોઇપણ જોગવાઇથી કોઇપણ કાયદા કે નિયમનો ભંગ થતો હોય અથવા તે અન્ય કાયદા હેઠળ બિનઅમલકારક હોય અથવા તેનાથી તે જોગવાઇને રદબાતલ કરવામાં આવશે અથવા તેમાં અમલમાં હોય તે કાયદા અનુસાર સુધારા-વધારા કરવામાં આવશે તે સિવાયની અન્ય જોગવાઇઓ યથાવત અને અમલપાત્ર રહેશે.

૩૨) સદર વેચાણ દસ્તાવેજથી ઉદ્દભવેલ પક્ષકારોના અધિકાર અને ફરજોનું અર્થઘટન અને અમલ ભારત સરકારના જે તે વખતના લાગુ કાયદા-કાનુન અનુસાર કરવાન રહેશે અને ન્યાયક્ષેત્ર વડોદરાની નામદાર કોર્ટનું રહેશે.

૩૩) સદરહું વેચાણ દસ્તાવેજ વાળી મિલકતના અત્યાર સુધીના સરકારી, અર્ધ સરકારી તથા સ્થાનીક તમામ કચેરીઓના તમામ વેરાઓ જેવા કે કોર્પોરેશન ટેક્ષ, જમીન મહેસુલ, ટી.પી. વિકાસ ફાળો, શિક્ષણ ઉપકર વિગેરે તમામ ભરપાઇ કરી દિધેલા છે અને પાછલા તેવા કોઇ વેરાઓ બાકી પડતા નથી તેમ છતા જો પાછળના તેવા વેરાઓ બાકી પડતા નીકળી આવશે તો તે અમો અમારા ખર્ચે અને જોખમે ભરપાઇ કરી આપીશું અને હવે પછીના તેવા તમામ વેરાઓ વેચાણ લેનાર બીજા પક્ષવાળાએ ભરપાઇ કરવાના છે.

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

૩૪) સદરહું વેચાણ દસ્તાવેજવાળી મિલ્કત વેચાણ લેનાર બીજા પક્ષવાળા સદરહું વેચાણ દસ્તાવેજ આધારે સરકારી, અર્ધ સરકારી, સ્થાનીક કચેરીઓમાં નામે કરાવી લેવા હકકદાર છો અને તે માટે જે જે કાગળો પર તથા ફોર્મ વિગેરે ઉપર અમો વેચાણ આપનાર પહેલા પક્ષવાળા સહીઓ કરી આપવા બંધાયેલા છીએ.

૩૫) Dispute Resoulution -વિવાદનો ઉકેલ

આ કરારની બોલાઓ તથા શરત સંબંધી તથા તેને લગતી અથવા તેમાંથી ઉત્પન્ન થનાર તમામ વિવાદ જેમાં અર્થઘટન શરતોની માન્યતા તથા સંબંધીત પક્ષકારોના હકક તથા જવાબદારીઓ વિગેરે... બાબત અરસપરસ સંમતિથી ઉકેલવામાં આવશે તથા તેમાં નિષ્ફળ નિવડે ત્યારે રીઅલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) એકટ, ૨૦૧૬ ના નિયમો તથા નિયમનો હેઠળ નિમવામાં આવેલ નિવેડો અધિકારી દ્વારા નિકાલ કરવામાં આવશે.

૩૬) **SEVERABILITY: અલગતા બાબત:**

આ કરાર હેઠળની કોઇ જોગવાઇ આ કાયદા અથવા તે હેઠળ નિયમો અથવા નિયમન અથવા કોઇ લાગુ પડતા કાયદા હેઠળ રદપા) હોય અથવા લાગુ પડી શકે તેમ ન હોય તો કરારની તે જોગવાઇઓ આ કરારમાં હેતુ માટે વ્યાજબી રીતે અંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા નિયમનને સુસંગત હોય તેટલે સુધી સુધારેલ અથવા રદ થયેલ સમજવામાં આવશે તથા કાયદા, નિયમ તથા નિયમનને સુસંગત હોય તેટલે સુધી આ કરારની અન્ય જોગવાઇઓ માન્ય રહેશે અને કરાર સહી કરતી વખતે જે રીતે લાગુ પડવાપાત્ર હોય તે રીતે યોગ્ય રીતે અમલી રહેશે.

પરિશિષ્ટ-એ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબરજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, મોજે.ચિખોદ્રા, તા.જી.વડોદરાની સીમના રે.સ.નં./બ્લોક નં.૪૧૧, ખાતા નં.૪૬૧, જુનો રે.સ.નં.૫૦૪ જેનુ ક્ષેત્રફળ ૩૫૪૧ ચો.મી. તથા રે.સ.નં./બ્લોક નં.૪૧૨, ખાતા નં.૪૬૨, જુનો રે.સ.નં.૪૯૭-૧ જેનુ ક્ષેત્રફળ ૫૧૬૦ ચો.મી. મળી કુલ ૮૭૦૧ ચો.મી. પૈકી ૫૨૨૦.૬૦

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

ચો.મી. વાળી બિનખેતીની જમીન આવેલ છે. હાલ સ્થળ પર મળવાપાત્ર માપ મુજબની બિનખેતીની ખુલ્લી જમીન તથા તે કુલ માપ મુજબની જમીનને મળવાપાત્ર તમામ હકકો સાથેની જમીન તથા તેમાં સરકારી રોડ પરથી જવા-આવવાના રોડ-રસ્તાનો વાપર, ઉપયોગ, ઉપભોગ કરવા-કરાવવાના મળેલા અને મળવાપાત્ર તમામ પ્રકારના પંત્યાળા હકકો સાથેની બિનખેતીની જમીન જેની ચતુઃસીમા નીચે મુજબ છે.

પૂર્વેઃ
પશ્ચિમેઃ
ઉત્તરેઃ
દક્ષિણેઃ

<u>વેચાણ આપેલ મિલકતની પરિશિષ્ટ-બી</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, સબરજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ વડોદરા, મોજે.ચિખોદ્રા, તા.જી.વડોદરાની સીમના રે.સ.નં./બ્લોક નં.૪૧૧, ખાતા નં.૪૬૧, જુનો રે.સ.નં.૫૦૪ જેનુ ક્ષેત્રફળ ૩૫૪૧ ચો.મી. તથા રે.સ.નં./બ્લોક નં.૪૧૨, ખાતા નં.૪૬૨, જુનો રે.સ.નં.૪૯૭-૧ જેનુ ક્ષેત્રફળ ૫૧૬૦ ચો.મા. મળી કુલ ૮૭૦૧ ચો.મી. પૈકી ૫૨૨૦.૬૦ ચો.મી. વાળી બિનખેતીની જમીનમાં **"Maa Tenament"** નામની યોજનાનું આયોજન કરેલ છે. જે પૈકી મકાન /**પ્લોટ નં...... જેનું પ્લોટનું માપ .... તથા વરાડે પડતી વણવહેંચાયેલી કોમન પ્લોટની જમીન .... ચો.મી. તથા વરાડે પડતી વણવહેંચાયેલી રોડ રસ્તાની જમીન .... ચો.મી. મળી પ્લોટનું કુલ માપ...... ચો.મી. જેમાં બાંધકામનું માપ........... ચો.મી. વાળી મિલકત** તમોને આ બાનાખત આધારે વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેની ચતુઃસીમા નીચે મુજબ છે.

પૂર્વેઃ
પશ્ચિમેઃ
ઉત્તરેઃ
દક્ષિણેઃ

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

૩૭) સદર મિલકતના વેચાણ દસ્તાવેજ માટે થનાર ખર્ચ જેમ કે, સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ચાર્જ, વકીલ ફી, વિગેરે તમામ ખર્ચ તમો લખી લેનારે ભોગવવાનો રહેશે.

ઉપરનું તમામ લખાણ, વેચાણ દસ્તાવેજ અમો વેચાણ દસ્તાવેજ લખી આપનારે અમારી રાજીખુશીથી વાંચી, સમજી, વાકેફ થઇ, બિનકેફ હાલતમાં કોઇના કોઇપણ પ્રકારના દાબ, દબાણ વગર અમારી રાજીખુશીથી વેચાણ લેનાર બીજા પક્ષવાળાને લખી આપેલ છે. જે અમોને તથા અમારા વંશ, વાલી, વારસો,ભાગીદારો તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે અને રહેશે તે વાતની સાબિતીરૂપે અમોએ આજરોજ નીચે જણાવેલ સાક્ષાઓની રૂબરૂ અમારી સહિ કરી આપેલ છે.

તા.

વડોદરા.

લખી આપનાર પહેલા પક્ષવાળા

બ્રિંજા એસોશીયેટસ એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદારો

૧...................................
(પટેલ ઉમેશભાઇ ત્રિભોવનદાસ)

૨...................................
(ધવલ હરેશકુમાર શાહ)

લખી લેનાર બીજા પક્ષવાળા

....
(   )

સાક્ષી

૧..................

૨..................

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

વેચાણ આપેલ મિલકતનો ફોટો નીચે મુજબ છે.

જેનું પોસ્ટ સરનામું-નગનલ હાઉસ નં.૮, ધનીયાવી-તરસાલી ઓવર બ્રીજ, ગ્રીન ટેનામેન્ટની નજીક, ૧૮.૦૦ મીટર ચિખોદ્રા જંકશન, ચિખોદ્રા, વડોદરા.

<u>વેચાણ આપનાર પહેલા પક્ષવાળા</u>	<u>વેચાણ લેનાર બીજા પક્ષવાળા</u>
બ્રિંજા એસોસીયેટસ એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદારો	
૧................................ (પટેલ ઉમેશભાઈ ત્રિભોવનદાસ)	.... ( )
૨................................ (ધવલ હરેશકુમાર શાહ)	

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

વેચાણ આપેલ મિલકતનો ફોટો નીચે મુજબ છે.

જેનું પોસ્ટ સરનામું-નેશનલ હાઇવે નં. ૮, ધનીયાવી-તરસાલી ઓવર બ્રીજ, પ્રીત ટેનામેન્ટની નજીક, ૧૮.૦૦ મીટર ચિખોદ્રા જંકશન, ચિખોદ્રા, વડોદરા.

વેચાણ આપનાર પહેલા પક્ષવાળા	વેચાણ લેનાર બીજા પક્ષવાળા
બ્રિંજા એસોશીયેટસ એ નામની ભાગીદારી પેઢીના વહીવટકર્તા ભાગીદારો	
૧................................ (પટેલ ઉમેશભાઇ ત્રિભોવનદાસ)	.... ( )
૨................................ (ધવલ હરેશકુમાર શાહ)	

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

રજીસ્ટ્રેશનએક્ટ ૧૯૦૮ ની કલમ ૩૨ એ અન્વયેનું શીડયુલ

લખી આપનાર પહેલા પક્ષવાળા _ ફોટો ડા હા ના અં ની છાપ

બ્રિંજા એસોશીયેટસ એ નામની ભાગીદારી
પેઢીના વહીવટકર્તા ભાગીદારો

૧..................................
(પટેલ ઉમેશભાઈ ત્રિભોવનદાસ)

૨..................................
(ધવલ હરેશકુમાર શાહ)

લખી લેનાર બીજા પક્ષવાળા

....
( )

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner

દસ્તાવેજ નં.............. તા..................

:પરિશિષ્ટ:

નોંધણી અધિનિયમ-૧૯૦૮ ની કલમ-૩૪ પેટા કલમ-૩ મુજબનું ચેકલીસ્ટ

અ.નં.	પ્રશ્ન	જવાબ (હા કે ના)
લખી આપનાર, સંમતિ આપનાર કે તેઓના કુ.મુ.ને પુછવાના પ્રશ્નો		
૧.	લેખમાં દર્શાવ્યા મુજબ મોજે.ચિખોદ્રા, તા.જી.વડોદરાની શીમના રે.સ.નં./બ્લોક નં.૪૧૧, ખાતા નં.૪૬૧, જુનો રે.સ.નં.૫૦૪ જેનુ ક્ષેત્રફળ ૩૫૪૧ ચો.મી. તથા રે.સ.નં./બ્લોક નં.૪૧૨, ખાતા નં.૪૬૨, જુનો રે.સ.નં.૪૯૭-૧ જેનુ ક્ષેત્રફળ ૫૧૬૦ ચો.મી. મળી કુલ ૮૭૦૧ ચો.મા. પૈકી ૫૨૨૦.૬૦ ચો.મી.વાળી બિનખેતીની જમીનમાં **"Maa Tenament"** નામની યોજનાનું આયોજન કરેલ છે. જે પૈકી **મકાન /પ્લોટ નં...... વાળી મિલકત** ના વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે?	હા
૨.	લેખમાં દર્શાવ્યા મુજબ **મકાન /પ્લોટ નં...... જેનું પ્લોટનું માપ .... તથા વરાડે પડતી વણવહેંચાયેલી કોમન પ્લોટની જમીન .... ચો.મી. તથા વરાડે પડતી વણવહેંચાયેલી રોડ રસ્તાની જમીન .... ચો.મી. મળી પ્લોટનું કુલ માપ...... ચો.મી. જેમાં બાંધકામનું માપ........... ચો.મી. વાળી મિલકત** માટે લેખ કરી આપેલ છે?	હા
૩.	લેખમાં દર્શાવ્યા મુજબની વિગતે અવેજની રકમ મળેલ છે?	હા
૪.	લેખમાં દર્શાવેલ વિગતો વાંચી, વંચાવીને, સમજી, વિચારીને તમે પોતે જાતે જ સહી/અંગુઠાની છાપ કરેલ છે તે તમે કબુલ રાખો છો?	હા
૫.	પાવર ઓફ એટર્ની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે?	-
૬.	પાવર ઓફ એટર્નીના લેખમાં પાવર ઓફ એટર્ની આપનાર વ્યકિત/ઓ એ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે?	-
૭.	પાવર ઓફ એટર્નીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે?	-
૮.	ઓળખાણ આપવા સારૂ તમને ઓળખતા હોય તેવી વ્યકિતઓ સાથે લાવ્યા છો?	હા
ઓળખાણ આપનારને પુછવાના પ્રશ્નો:		
૧.	દસ્તાવેજ લખી આપનાર વ્યકિત/ઓ કે જેઓએ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો?	હા
૨.	દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિત/ઓ એક જ છે?	હા
૩.	કાંઇ વ્યકિતએ ખોટું નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો?	હા

લખી આપનાર/સંમતિ આપનાર/કુ.મુ.ની સહી — ઓળખાણ આપનારની સહી

....

....

(સહી)
સબ રજીસ્ટ્રાર:.................

BRINJA ASSOCIATES

Partner

Scanned with CamScanner